# આંધળો માણસ અને ખંજવાળ

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

અંધકારે તેને ઘેરી લીધો હતો. તેણે થોડીવાર સુધી આંખો પટપટાવી — પણ તે જાણતો હતો કે આમ કરવું વ્યર્થ છે કારણકે તેની દૃષ્ટિ ક્યારેય નહીં સુધરે. આ ઉપરાંત, તેની આંખોમાં જે થોડી-ઘણી દૃષ્ટિ બચી હતી, તેના પરથી તેને ખાતરી હતી કે આ રૂમમાં પ્રકાશનો કોઈ સ્રોત નહોતો, ન કોઈ દીવો, ન તો કોઈ બારી, જેમાંથી ચાંદની રૂમમાં આવી શકે.

કંઈ પણ નહોતું, તે ઘોર અંધકારમાં હતો. અંધકાર અને — *મૌન*. ફક્ત તેના વિચારો હતા, જે તેની છાતીમાં વધી રહેલા ગભરાટ કરતાં પણ વધારે જોરથી ચાલી રહ્યા હતા. તે મનમાં ને મનમાં વિચારવા લાગ્યો કે તે અહીં, આ બારી વિનાના અંધારિયા રૂમમાં કેવી રીતે આવી પહોંચ્યો, જ્યાં તેની મદદ કરનારું કોઈ જ નથી.

મજાની વાત તો એ હતી કે આ ઠંડો અને વેરાન રૂમ એક મહેલનો ભાગ હતો. અને આ મહેલ *ભવ્ય* હતો — હવાદાર, અતિ સુંદર અને એક રમણીય સ્થાન પર સ્થિત, જેની ચારેબાજુ લીલીછમ ટેકરીઓ હતી. અત્યાર સુધી તે જ્યાં પણ ગયો હતો તેમાં આ સ્થાન સૌથી સુખદ, સૌથી મનમોહક, સૌથી શાંતિપૂર્ણ હતું, અને એ *તેનું* હતું.

હા, તેનો પરિવાર થોડા મહિનાઓ પહેલાં જ આ મહેલમાં રહેવા આવ્યો હતો અને જ્યારથી તેઓ અહીં આવ્યાં હતાં, ત્યારથી આ માણસ તેના ઘણા બધા રૂમો અને તેમાં આવવા-જવાના રસ્તાઓની શોધખોળ કરી રહ્યો હતો. સમસ્યા એ હતી કે તેને આ એકલા જ કરવાનું ગમતું હતું, અને તે પણ રાત્રે જ્યારે તેની પહેલાંથી નબળી દૃષ્ટિ હજી વધારે ખરાબ થઈ જતી હતી.

આજે રાત્રે પણ તેણે એ જ કર્યું, જ્યારે પરિવારનાં બાકી લોકો સૂઈ ગયાં, ત્યારે તે છાનોમાનો નીકળી પડ્યો. પોતાની યાદશક્તિ અને અંતર્પ્રજ્ઞા પર ભરોસો રાખીને, દિવાલો પર લટકી રહેલા ફાનસના ઝાંખા પ્રકાશની મદદ લઈને તે ચાલતાં-ચાલતાં ગણગણી રહ્યો હતો. આખરે, તે ઘણાં બધાં પગથિયાં ઊતરીને ભોંયરાના રસ્તા પર આવી પહોંચ્યો, તેને લાગ્યું કે સામે જે દેખાય છે તે એક ખુલ્લો દરવાજો છે. તે જાણતો નહોતો કે આ દરવાજામાંથી નીકળીને તે ક્યાં પહોંચશે, અને તેને અંદર કંઈ દેખાતું પણ નહોતું.

"તારે પાછા જતા રહેવું જોઈએ," તેને પોતાની અંદર ધીમા અવાજમાં એક ચેતવણી સંભળાઈ. તેમ છતાં, તે ત્યાં જ રહ્યો. આ રૂમ વિશે કંઈક હતું — તેનું રહસ્ય, કદાચ અહીં કંઈક હોય એવી સંભાવના — જેના કારણે તે પોતાને અંદર જતા રોકી શકતો નહોતો. ના-પાડનારા વિચારોને એક તરફ રાખીને, તે અંદર જતો રહ્યો.

તે એમ વિચારીને થોડો આગળ વધ્યો કે જો તે કોઈ વસ્તુ અથવા ફર્નિચર સાથે અથડાશે તો તેને અંદાજો આવશે કે તે ક્યાં છે. જોકે એવું કંઈ થયું નહીં, થોડીવાર પછી તેણે જે મહેસૂસ કર્યું એ હતી, ભેજની દુર્ગંધ.

ત્યારબાદ, તેની પાછળ ક્યાંકથી તેને એક અવાજ સંભળાયો. ઠક્ક. તેના પેટમાં ફાળ પડી. તે નિશ્ચિતપણે દરવાજો બંધ થવાનો અવાજ હતો.

તો આ રીતે તે આંધળો અહીં અંધારિયા અને અજાણ્યા રૂમમાં પુરાઈ ગયો, જ્યાંથી તત્કાળ નીકળવાનો કોઈ રસ્તો નહોતો. તેણે એક ઊંડો શ્વાસ લીધો, એ ભયને ઓછો કરવા માટે જે હવે તેની છાતીમાં વધી રહ્યો હતો અને તેનું ગળું પણ ભયને કારણે સૂકાવા લાગ્યું હતું. ભગવાનની દયાથી તેના વિચારો થોડા ઓછા થયા, તેથી તેણે એ વિચારોને ઉપયોગી દિશામાં લગાવવાનું શરૂ કર્યું. "એક યોજના," તેણે વિચાર્યું. "મને તેની જ તો જરૂર છે."

એક દરવાજો તો *હતો*, એનો અર્થ એ કે બહાર નીકળવાનો માર્ગ પણ હતો. અને આ એક બંધ જગ્યા હતી, એટલે તે એ દરવાજાને શોધી શકશે. ઘોર અંધારામાં તે પોતાના હાથ ફેલાવીને આગળ ચાલવા લાગ્યો. પહોંચી ગયો, પહોંચી ગયો...

*ધડામ.*

"પહોંચી ગયો," આ વિચારથી એ માણસને સંતોષ થયો. તે એક દિવાલને અથડાયો. હવે તેણે ફક્ત એ દિવાલને અડતાં-અડતાં તેની સાથે ત્યાંસુધી એક દિશામાં કાળજીપૂર્વક ચાલવાનું હતું જ્યાંસુધી તે દરવાજા પાસે ન પહોંચી જાય. એ ઘણું સરળ લાગતું હતું.

તેણે એક પગલું ભર્યું, અને પછી બીજું એક પગલું ભર્યું, અને બીજું એક... અને બીજું એક, તેની આંગળીઓ સિમેન્ટની ઠંડી દિવાલ પર ફરી રહી હતી. એ સ્પષ્ટ હતું કે રૂમ ઘણો વિશાળ હતો — એવું લાગતું હતું કે દિવાલ પૂરી જ નથી થઈ રહી. અને આખરે જ્યારે તે એક ખૂણામાં પહોંચી ગયો, જ્યાં આ દિવાલ તેની બાજુની દિવાલ સાથે મળી રહી હતી ત્યારે તેણે એ જ કામ ફરીથી કરવાનું હતું, દિવાલના સહારે ચાલતા રહેવાનું હતું. હવે તે *નવી* દિવાલ પર હાથ ફેરવતાં-ફેરવતાં, તેને અડીને એ આશા સાથે ચાલવા લાગ્યો કે તેને દરવાજો મળી જશે.

થોડીવાર સુધી તે આવી જ રીતે ચાલતો રહ્યો. જોકે, તેને આશા હતી — તેને પૂરી ખાતરી હતી કે તે દરવાજાની નજીક પહોંચી રહ્યો છે. હવે બહુ સમય નહીં લાગે.

ત્યારે જ તેને મહેસૂસ થયું કે તેના નાક પર થોડી સળવળાટ થઈ રહી છે. અચાનક ખંજવાળ આવી.

તે અજાણતા જ પોતાનું નાક સંકોચવા લાગ્યો અને જે કંઈ થઈ રહ્યું હતું તેની અવગણના કરવાનો પ્રયાસ કરવા લાગ્યો, પરંતુ ખંજવાળ વધતી જ ગઈ... વધતી જ ગઈ... અને *વધતી જ ગઈ*. ન ખંજવાળવાને કારણે હેરાન થઈને તેની આંખોમાંથી પાણી નીકળવાં લાગ્યું. તેના હાથ હજી પણ દિવાલ પર જ હતા, પણ તેનું ધ્યાન ભટકી

ગયું હતું. તે બસ એક જ વસ્તુ વિશે વિચારી શકતો હતો, અને તે હતી તેના નાકની ખંજવાળ. ખંજવાળને કારણે બેચેની વધી રહી હતી, તેનું પૂરેપૂરું ધ્યાન તેના પર હતું; તે બીજું કંઈ વિચારી જ નહોતો શકતો.

"મારે ખંજવાળવું જ પડશે!" નિરાશ થઈને તેણે ખાલી રૂમમાં ચીસ પાડી.

અંતે, તેણે એવું જ કર્યું. તેણે તેના બંને હાથ દિવાલ પરથી ઉઠાવી લીધા (એ કામ એક હાથથી થઈ શકત, પણ તે માણસ એવી મનઃસ્થિતિમાં નહોતો કે સારી રીતે વિચારી શકે) — અને સંતોષ થાય ત્યાંસુધી તે તેના નાકને ખંજવાળતો રહ્યો. આવું કરતાં-કરતાં તે ચાલી રહ્યો હતો, એ વાત પર ધ્યાન આપ્યા વિના કે તે ક્યાં જઈ રહ્યો છે.

તેણે મન ભરીને તેના નાકને ખંજવાળ્યા પછી રાહતનો શ્વાસ લીધો, *"આઽઽઽહ"*. તેણે પોતાના હાથોને ફરીથી દિવાલ પર મૂક્યા અને ફરીથી પોતાની ખોજ શરૂ કરી.

થોડો સમય પસાર થયો; કેટલો સમય, તે એ જાણતો નહોતો. તેણે પોતાને કહ્યું, "બસ ચાલતો રહે. સમજી લે તું ત્યાં પહોંચી જ ગયો."

જેવો આ વિચાર તેના મનમાં આવ્યો કે ફરીથી ખંજવાળ આવવા લાગી. બસ ફરક એ હતો કે આ વખતે તેને પગની પિંડીમાં ખંજવાળ આવી. ફરીથી એ માણસે ખંજવાળવાથી પોતાને રોકવાનો પ્રયાસ કર્યો, પણ જેટલું વધારે તે પોતાને રોકતો ગયો, એ ભાગની આસપાસની જગ્યામાં ખંજવાળ તેટલી વધારે ફેલાવા લાગી. થોડીવારમાં તો ફક્ત તેની પિંડીઓમાં જ નહીં, બલ્કે તેના આખા પગમાં ખંજવાળ આવવા લાગી! તેણે ખંજવાળ રોકી રાખવાનો ઘણો પ્રયાસ કર્યો, લાગતું હતું કે આ યાતના સહન કરવામાં એક યુગ વિતી ગયો હતો, આખરે તેણે હાર માની લીધી, તેણે પોતાના બંને હાથોને દિવાલ પરથી ઉઠાવી લીધા અને નીચે વળીને ગાંડાની જેમ પોતાના પગને ખંજવાળવા લાગ્યો.

આખરે જ્યારે ખંજવાળ શમી ગઈ ત્યારે તે ફરીવાર ઊભો થયો. પછી ગમે તે એક દિશા પકડીને તેણે ફરીથી દિવાલ ફંફોળવાનું ચાલુ રાખ્યું. તેણે વિચાર્યું, "આ વખતે તો હું દરવાજો શોધીને જ રહીશ."

આ રીતે, તે ફરતો રહ્યો અને ખંજવાળતો રહ્યો. પહેલાં અહીં ખંજવાળ આવતી હતી. પછી ત્યાં આવતી હતી. આ બાજુ ખંજવાળ આવતી હતી. પેલી બાજુ ખંજવાળ આવતી હતી. *અહીં ખંજવાળ આવી. ખંજવાળ્યું. ત્યાં ખંજવાળ આવી. ખંજવાળ્યું.* તે માણસ ગોળ-ગોળ ફરતો રહ્યો, તેનું મન પણ તેના પગની જેમ વ્યાકુળતા અને બેચેનીથી ચક્કર લગાવતું રહ્યું.

આ બધો ઉત્પાત જે આ માણસે જ પોતાના માટે પેદા કર્યો હતો, તેમાં તેને એ ખબર જ ન પડી કે તે વારંવાર દરવાજો ચૂકી જતો હતો. રૂમમાં ચક્કર લગાવતી વખતે, જ્યારે તેની આંગળીઓ દરવાજાના કિનારાની લગભગ પાસે આવતી ત્યારે જ કોઈક નવી જગ્યાએ ખંજવાળ શરૂ થઈ જતી અને તેનું ધ્યાન ભટકી જતું.

બહાર ટેકરીઓ પર સૂરજ ઊગી રહ્યો હતો, તે ઉષ્મા અને પ્રકાશથી મહેલનો અભિષેક કરી રહ્યો હતો. પરંતુ, તે માણસ એ પણ જાણી નહીં શકે. તે થાકી ગયો હતો. તેનું ચિત્ત ભ્રમિત થઈ ગયું હતું. તે આ નરક જેવા રૂમમાં ફસાઈ ગયો હતો, તે તેના હાથથી દિવાલોને આમતેમ ફંફોળતો રહ્યો, પગ ઘસડીને ચાલતો રહ્યો અને પોતાને ખંજવાળતો રહ્યો, પરંતુ ક્યાંય પણ પહોંચી નહોતો રહ્યો.

*પ્રાચીન ભારતના ઋષિમુનિઓ સાધકોને સાવધાન કરતા હતા કે તેઓ પોતાની ઇન્દ્રિયોના દાસ ન બને— સમજ્યા-વિચાર્યા વિના પોતાની અંદરથી ઊઠતી દરેક ઇચ્છાને વશીભૂત ન થાય. ઋષિમુનિઓનું કહેવું છે કે એવી વ્યક્તિની સ્થિતિ ખંજવાળવાળા આંધળા માણસ કરતાં જુદી નથી.*

*આ વાર્તા ભારતના વેદાંતદર્શનના ગ્રંથમાં વર્ણિત એક પૌરાણિક કથા પરથી પ્રેરિત છે.*

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.